## લઘુ ધર્મોના ધર્મગુરૂઓ.

**હિંદુ:**
માહારાજ લલિત દવે, હિંદુ ધર્મગુરૂ

**મુસ્લીમ:**
મૌલાના દાઉદ ભુલા, મુસ્લીમ ધર્મગુરૂ

રૂકિયા મન્જોથી, મુસ્લીમ ધર્મગુરૂ

**શિખ:**

કરતાર સિંગ બરીનગ, શિખ ધર્મગુરૂ

## હોસ્પિટલમાં પ્રાર્થના
### પ્રાર્થના કયાં રાખવામાં આવે છે?

ત્રણે હોસ્પિટલમાં શારિરીક સફાઇ કરવાનીસગવડતા સાથેના પ્રાર્થના ખંડો સર્વે ધર્મો માટે છે. લેસ્ટર જનરલ અને ગ્લેનફિલ્ડ હોસ્પિટલ

ના ખંડો ૨૪ કલાક ખુલા રહે છે, જયારે, લેસ્ટર ઇનફરમરી મા સવારના ૮ થી સાંજના ૬ સુધી ખુલ્લો રહે છે. જો તે ખંડો બંધ હોય તો, સરક્ષણ દળનો સંપર્ક કરતા તેઓ ખોલી આપશે.

પ્રાર્થનાના ખંડ હોસ્પિટલમાં નિચે લખેલ જગ્યામાં આવેલ છે:

**ગ્લેનફિલ્ડ હોસ્પિટલમા:** પહેલા માળે ઇનટેસિવ કેર યુનિટની બાજુમાછે.

**લેસ્ટર જનરલમાં:** દેવળમાં, જયાં વોર્ડ નંબર ૧૫ ની ઓસરીમાં થઇને જવાય છે

**રોયલ ઇનફરમરી:** બહુ ધર્મી પ્રાર્થના ખંડ, બાલમોરાલ બિલડિંગનાં ભોઇ તળિયે આવેલ છે.

## પ્રાર્થનાનો સમય?

**હિંદુ:**

ગ્લેનફિલ્ડ હોસ્પિટલ: મંગળવાર સાંજે. ૭:30

રોયલ ઇનફરમરી: સોમવાર સાંજે ૭:30

લેસ્ટર જનરલ: બુધવાર સાંજે ૭:30

**મુસ્લીમ:**

શુક્રવારની, ત્રણે હોસ્પિટલમાં નમાઝનો સમય:

ગ્લેનફિલ્ડ હોસ્પિટલ:
ઉનાળામાં: બપોરના ૧.૨૦ અને ૧.૪૦
શિયાળામાં: બપોરના ૧૨.30 અને ૧.૧૫

લેસ્ટર જનરલ:
ઉનાળામાં: બપોરના ૧.૨૦
શિયાળામાં: બપોરના ૧.૧૦

રોયલ ઇનફરમરી:
ઉનાળામાં: બપોરના ૧.૨૦ અને ૨.૧૫
શિયાળામાં: બપોરના ૧૨.30 અને ૧.૧૫

## બિજા ધર્મો માટેની સુવિધા

આ ઘટક પાસે બિજા ધર્મોના

પતિનિધીઓની યાદી હોય છે, અને અને જો તમને જરૂર હોય તો તમારા ધર્મના પ્ર તિનિધીની મુલાકાત માટે સગવડતા કરવા કહેજો

**ધર્મગુરૂ વિભાગના ફોન નંબરો:**

**ગ્લેનફિલ્ડ હોસ્પિટલ:** ૦૧૧૬ ૨૫૮ ૩૪૧૩

**લેસ્ટર જનરલ:** ૦૧૧૬ ૨૫૮ ૪૨૪૩

**રોયલ ઇનફરમરી:** ૦૧૧૬ ૨૫૮ ૫૪૮૭



# લઘુ ધર્મો ના ધર્મગુરૂઓ ની ઓળખ

## લઘુ ધર્મો ના ધર્મગુરૂઓ ની ઓળખ

Introducing the
**Hospital Chaplaincy**
for Minority Faiths



**University Hospitals of Leicester NHS Trust**
લેસ્ટર યુનિવર્સીટી હોસ્પિટલ એનએચએસ ટ્રસ્ટ

## આ ધર્મગુરૂઓનો વિભાગ શું છે?

આધર્મગુરૂઓ  એનએચએસ (NHS) હોસ્પિટલના કાર્યરત જુથનો એક ભાગ છે, અને તે ધાર્મિક સંભાળ ની નચિં સાત્તવિક સહાય આપે છે.

## આ ધર્મગુરૂઓ તમને શું મદદકરી શકે છે?

આ વિભાગ આસ્તિક તેમજ નાસ્તિક બન્ને ને પ્રાર્થનાની સગવડ કરી આપે છે.અને તે તમારા ધર્મના ગુરૂનો સંપર્ક કરી તમને મળવા આવે તેવી સગવડ કરી શકે છે.

## આ ધર્મગુરૂ શુ છે?

દર્દી, કુટુંબો અને કાર્યેકરતાઓ ને ધાર્મિક અને સાત્તવિક સલાહ આપવા માટે આ ધર્મગુરૂઓને નિમવામાં આવ્યા છે.

## આ ધર્મગુરૂઓનું શું કાર્ય હોય છે?

ધર્મગુરૂ:

તમને તમારી બિમારીની પથારી પસે આવી ધાર્મિકઅનેસાત્તવિકસહાય આપે.

- તમારી પથારી પાસે આવી સાથે મળીને પ્રાર્થના કરે.
- તમે ભાગ લઇ શકો તેવી પ્રાર્થના કરાવે
- ટ્રસ્ટને તમારી કોઇ ખાસ જરૂરિયાત પુરી પડવામાં ધર્મ અને સંસ્કૃતિને લક્ષમાં લઇ સલાહ આપે.

## આ ધર્મગુરૂઓ કયા ધર્મોનું પ્રતિનિધિત્વ કરે છે?

લેસ્ટરની હોસ્પિટલોમા. ખ્રિસ્તી, હિંદુ, મુસ્લીમ, અને શિખધર્મના ધર્મગુરૂઓ છે.આ  વિભાગ પાસે, આ યાદીમાં નથી તેવા અનય લઘુધર્મોના પ્રતિ નિધિઓનીયાદી જરૂર  હોય છે, અને જરૂર પડેતો તેમનો સંપર્ક કરી શકે છે.

## લઘુ ધર્મોના ધર્મગુરૂઓ કણિ છે?

તેઓ, હિંદુ, મુસ્લીમ અને શિખ ધર્મોના ગુરૂઓ છે. હોસ્પિટલમાં રાખેલ દર્દીની ટકાવારીને ધ્યાનમાં લઇ તેઓને અમુક કલાક ની નોકરી પર રાખેલ હોયછે. તેઓ ત્રણે હોસ્પિટલના  દર્દીઓની મુલાકાત લેવા કોષિશ કરતા હોયછે.

## ધર્મગુરૂઓ કેટલી વખત મુલાકાત આપે છે?

ટ્રસ્ટના બીજા કામોના રોકાણ નેલીધે તેઓ  તેઓની મુલાકાતનો કોઇ ખાસ દિવસ કે  સમય હોતો નથી.  જો તમને તેને મળવાની ઇચ્છા હોય તો તેમને મળવા માટે અર્જ કરો.

## મારા હોસ્પિટલના રોકાણ દરમ્યાન કેવી રિતે અર્જ કરૂ?

તેઓ દર્દી કે કુટંબીજનોની અર્જ મળતા ઘણી ખુશીથી મળવા આતુર હોય છે. આ માંગણી ને વહેલી તકકે પુરી પાડવામાં તમે ધમેગુરૂની કચેરીનો સંપર્ક કરો અથવા વોર્ડના કાર્યેકરતાને કહો કે તેમને મુલાકત આપવાનો સંદેશો પહોંચાડે કે તમે  તેમને મળવા ઇચ્છો છો .

## શું આ ધર્મગૂરૂ કોઇ ખાસ  ધર્મ ના લગતા વિષય ઉપર સલાહ આપે છે?

આ ધર્મગુરૂઓ શિક્ષિત અને પોતાના ધાર્મિક પંથના, માનવંતા ગુરૂ હોય છે અને તે દર્દી અને તેના કુટુંબને ધર્મ સંબંધી વિષયો પર સલાહ આપી શકે છે.

## શું હું ધર્મગુરૂને દિવસ અથવા રાત્રિના કોઇ પણ સમયે બોલાવી શકું છું?

હોસ્પિટલના ધર્મગુરૂઓ અઠવાડિયાના સાતે દિવસ અને દિવસના ચોવિસ કલાક આ સેવા આપે છે. પરંતુ બધાજ બધીજ વખત હાજર ન હોઇ શકવાથી.જે ધર્મગુરૂ હાજર હશે, તે મૃત્યું અથવા

મુત્યુબાદ પ્રાર્થના અને સલાહ આપવા દર્દી અથવા કુટુંબ ને મળવા આવશે.

## હું મારા ધર્મના ગુરૂનો સંપર્ક કેવી રિતે કરી શકું?

સોમ થી શુક્ર નાકામનાકલાકોના સમય દરમ્યાન તેમના વિભાગ મારફત તેમનો સંપર્ક કરી શકશે.આંતરિયાળઇમરજનસી ને સમયે તમારે કાર્યેકરતા અથવા ફોન ઓપરેટરની મદદ માંગો. તેઓની પાસે તે સમયે કયાધર્મનાગુરૂ તમને મળી શકશે તેમની યાદી તેમનીપાસે હોય છે. તમે ચોકસાઇથી કાર્યેકરતાને તમે કયા ધર્મના ગુરૂને મળવા માંગો છો તે કહેજો.